Tuesday
27.09.2022
*Volume :7 * Issue No.56
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના સાણંદમાં ૩૫૦ પથારીવાળી ESIC હોસ્પિટલનું ભૂમિપૂજન કર્યું

**શ્રી અમિત શાહે દેશવાસીઓને નવરાત્રીની શુભકામનાઓ પાઠવી**

**શ્રી અમિત શાહે સાયન્સ સિટી નજીક અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા બનાવવામાં આવેલ ભાડજ ઓવરબ્રિજ અને વિરોચનનગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને AUDA દ્વારા બનાવવામાં આવેલ મિલન કેન્દ્ર-સમાજ વાડીનું ઉદ્ઘાટન કર્યું, શ્રી શાહે પૌરાણિક મંદિર મેલડી માતાજીની પણ મુલાકાત લીધી અને પૂજા કરી**






**મેડિકલ સાયન્સ સંબંધિત તમામ પ્રકારની ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માનવ સંસાધનોનું વિસ્તરણ, આયુષ જેવી પરંપરાગત ભારતીય દવાઓની પ્રણાલીને મુખ્ય પ્રવાહમાં લાવવા અને ટેક્નોલોજી દ્વારા દેશના તમામ ગામડાઓમાં નિષ્ણાત સુવિધાઓ પૂરી પાડવી**







**૩૫૦ પથારીની આ હોસ્પિટલમાં ઓપીડી, ઇન્ડોર સુવિધાઓ, એક્સ-રે, રેડિયોલોજી, લેબોરેટરી, ઓપરેશન થિયેટર, પ્રસૂતિશાસ્ત્ર, આઈસીયુ અને અલ્ટ્રાસાઉન્ડ સહિત અન્ય ઘણી આધુનિક સુવિધાઓ હશે**

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી, શ્રી અમિત શાહે આજે ગુજરાતના સાણંદમાં ૩૫૦ પથારીવાળી ESIC હોસ્પિટલનું ભૂમિપૂજન કર્યું હતું. શ્રી અમિત શાહે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા નિર્મિત ભાડજ ઓવરબ્રિજ અને વિરોચનનગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સાયન્સ સિટી પાસે AUDA દ્વારા બનાવવામાં આવેલ મિલન કેન્દ્ર-સમાજ વાડીનું ઉદ્‌ઘાટન કર્યું હતું. શ્રી અમિત શાહે પૌરાણિક મંદિર મેલડી માતાજીની પણ મુલાકાત લીધી હતી અને પૂજા કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ અને શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી રામેશ્વર તેલી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી અમિત શાહે દેશવાસીઓને નવરાત્રિની શુભકામનાઓ પાઠવી હતી. તેમણે કહ્યું કે આ ૩૫૦ પથારીની હોસ્પિટલમાં ઓપીડી, ઈન્ડોર સુવિધાઓ, એક્સ-રે, રેડિયોલોજી, લેબોરેટરી, ઓપરેશન થિયેટર, પ્રસૂતિશાસ્ત્ર, આઈસીયુ અને અલ્ટ્રાસાઉન્ડ સહિત અન્ય ઘણી આધુનિક સુવિધાઓ હશે અને તેને બધા માટે સંપૂર્ણ હોસ્પિટલ બનાવવા માટે કામ કરવામાં આવશે. સાડા નવ એકરમાં બનનાર આ ૩૫૦ બેડની હોસ્પિટલ પર ૫૦૦ કરોડનો ખર્ચ થશે અને શ્રમ મંત્રાલયે દૂરંદેશીથી એવી વ્યવસ્થા કરી છે કે જરૂર પડ્યે તેને તાત્કાલિક ૩૫૦ થી ૫૦૦ બેડની હોસ્પિટલ બનાવી શકાય. શ્રી શાહે જણાવ્યું હતું કે આ હોસ્પિટલથી સાણંદ અને આસપાસના વિસ્તારોના લગભગ ૧૨ લાખ કામદારો અને તેમના પરિવારના સભ્યો તેમજ સાણંદ તાલુકાના તમામ ગ્રામજનોને ફાયદો થશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ કહ્યું કે ૨૦૧૪માં શ્રી નરેન્દ્ર મોદીજી પ્રધાનમંત્રી બન્યા અને શ્રી ભૂપેન્દ્ર યાદવજી શ્રમ મંત્રી બન્યા પછી ESIC યોજના ખૂબ જ સાર્થક બનવા લાગી છે અને આ યોજનાને ઘણી આગળ વધારવામાં આવી છે. તેમણે કહ્યું કે હોસ્પિટલના નિર્માણ બાદ ગુજરાત સરકાર અહીં મેડિકલ અને નર્સિંગ કોલેજના નિર્માણ માટે જમીન પણ આપશે. શ્રી શાહે કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ સ્વાસ્થ્ય માળખા પ્રત્યે સર્વગ્રાહી અભિગમ અપનાવ્યો છે જેમાં ત્રણ ભાગો છે. સૌપ્રથમ, તબીબી વિજ્ઞાન સંબંધિત તમામ પ્રકારની માળખાકીય સુવિધાઓ અને માનવ સંસાધનોનો વિસ્તાર કરવો. બીજું, આયુષ જેવી પરંપરાગત ભારતીય દવાઓની પ્રણાલીને મુખ્ય પ્રવાહમાં લાવવા અને ત્રીજું, ટેક્નોલોજી દ્વારા, દેશના તમામ ગામડાઓને નિષ્ણાત સુવિધાઓ પૂરી પાડવા માટે. શ્રી અમિત શાહે કહ્યું કે ૨૦૧૩-૧૪માં દેશમાં માત્ર ૩૮૭ મેડિકલ કોલેજો હતી અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૨૦૨૧-૨૨માં તેની સંખ્યા વધારીને ૫૯૬ કરવાનું કામ કર્યું હતું. MBBS સીટોની સંખ્યા ૫૧૦૦૦ થી વધારીને ૮૯ હજાર કરવાનું કામ મોદી સરકારે કર્યું. પીજી સીટો ૩૧૦૦૦ થી વધારીને ૬૦ હજાર કરવાનું કામ પણ મોદી સરકારે કર્યું. આ ઉપરાંત આયુષ્માન ભારત યોજનાના કાર્ડ આપીને ૬૦ કરોડ લોકોને પાંચ લાખ રૂપિયા સુધીની મફત આરોગ્ય સુવિધાઓ આપવાનું કામ કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે ગુજરાત સરકારે માતા મૃત્યુ દર, બાળ મૃત્યુ દર અને સંસ્થાકીય પ્રસૂતિ જેવા મુશ્કેલ પરિમાણોમાં પણ ખૂબ જ સારી રીતે સુધારો કર્યો છે. તેમણે કહ્યું કે આ હોસ્પિટલ સાણંદ વિસ્તારના લગભગ ૩ લાખ કામદારોને ખૂબ સારી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડશે.

## બી.સી.એ.કોલેજ, સાંકળચંદ પટેલ યુનિવર્સિટી વિસનગર ખાતે NSS દિવસની ઉજવણી



કમલમ્ ન્યુઝ,

સાકળચંદ પટેલ યુનિવર્સિટી સંચાલિત શ્રી સી.જે. પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ (બી.સી.એ) દ્વારા તા. ૨૪-૦૯-૨૦૨૨ ના રોજ એન.એસ.એસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. કહેવાય છે જે સમાજમાં આપણો વિકાસ થાય છે એ સમાજના નાગરિકો માટે નિસ્વાર્થ ભાવે કાઈક કરી છૂટવું એ આપણી સામાજિક નહિ પરંતુ નૈતિક જવાબદારી પણ બને છે. NSS જે રાષ્ટ્રીય સેવા યોજના તરીકે સમગ્ર દેશમાં જાણીતું છે. આ ૨૪ સપ્ટેમ્બર, 2022 NSS દિવસ હતો ત્યારે વિસનગર ની સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ની બી.સી.એ. કોલેજ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેવી કે (૧) પ્રાથમિક શાળાના બાળકોને NSS અને કોમ્પ્યુટરથી માહિતગાર કર્યા હતા (૨) ગામડાના શિક્ષણથી વંચિત એવા બાળકો અને બુઝુર્ગ વર્ગને સાક્ષારતા અભિયાન અંતર્ગત સાક્ષરતાનું મહત્વ સમજાવી સાક્ષરતા તરફ જાગૃતતા જગાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા (૩) ગામડામાં વસતા જરૂરિયાતમંદ નાગરિકોને ગરમ કપડાનું વિતરણ કરવામાં આવ્યું તથા (૪) રોડ ઉપર વાહન ચલાવતા વાહનચાલકોને ટ્રાફિકના નિયમોથી માહિતગાર કરવામાં આવ્યા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન બી.સી.એ. કોલેજના NSS કો. ઓર્ડીનેટર પ્રો. યોગેશ પટેલ તથા બી.સી.એ. સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું જેમાં ૭૦ થી વધુ વિદ્યાર્થીઓએ પોતાની સામાજિક જવાબદારી સમજી ભાગ લીધો. આ સમગ્ર કાર્યક્રમ માટે બી.સી.એ. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. અભિજિત સિંહ જાડેજા તથા યુનિવર્સિટીના NSS કો. ઓર્ડીનેટર ડો. રાકેશ પટેલનો સહયોગ પ્રાપ્ત થયો હતો. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. ડી. જે. શાહ તથા સંસ્થાના પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ પટેલ દ્વારા આ કાર્યક્રમના સફળ આયોજન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી તથા આવા સામાજિક જવાબદારીના નિસ્વાર્થ કામ માટે વિદ્યાર્થીઓ તથા સ્ટાફને બિરદાવવામાં આવ્યા હતા.

## ગુરુના અનુકંપા, સેવા, દયાભાવના સંદેશને જીવનમાં ઉતારીને પુણ્ય કરીએ - વિધાનસભા અધ્યક્ષશ્રી ડૉ.નીમાબેન આચાર્ય



કમલમ્ ન્યુઝ,ભુજ,

એસપીએમ પરિવાર દ્વારા આયોજિત પુનડી ખાતેના ચાતુર્માસ પ્રસંગમાં નમ્રમુનિ મહારાજ સાહેબના જન્મદિનની ઉજવણી માનવતા મહોત્સવ તરીકે કરવામાં આવી હતી. વિધાનસભાના અધ્યક્ષાશ્રી ડૉ. નીમાબેન આચાર્યે ઉપસ્થિત રહીને રાષ્ટ્રીય સંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના વચનોનું શ્રવણ કર્યું હતું. મહારાજ સાહેબની પ્રેરણાથી અધ્યક્ષાશ્રીએ વિશિષ્ટ મહાનુભાવોનું આ પ્રસંગે સન્માન પણ કર્યું હતું.આ પ્રસંગે અધ્યક્ષાશ્રી ડૉ.નીમાબેન આચાર્યે માનવતા મહોત્સવ નિમિત્તે વિવિધ સેવાના કાર્યોમાં દાન આપનારા દાતાશ્રીઓને વંદન કર્યા હતા. પ્રાણીઓની સારવાર માટે શરૂ કરવામાં આવેલી અનુકંપા એમ્બ્યુલન્સને લઈને અધ્યક્ષાશ્રીએ આનંદની લાગણી વ્યકત કરી હતી. વધારેમાં વધારે એમ્બ્યુલન્સ આ સેવા માટે મળી રહે તે માટે સહયોગ આપવા અધ્યક્ષાશ્રીએ અનુરોધ કર્યો હતો. ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના બાવનમાં જન્મદિવસ નિમિત્તે અધ્યક્ષાશ્રીએ ગુરુએ આપેલા પ્રેમના, દયાભાવ, કરુણાના સંદેશને જીવનમાં ઉતારવા સૌ ઉપસ્થિતોને જણાવ્યું હતું. જીવનમાં પુણ્યની ભાવના સાથે સેવાના કાર્યો કરવા અધ્યક્ષાશ્રીએ અપીલ કરી હતી. અધ્યક્ષાશ્રીએ અનુકંપા એમ્બ્યુલન્સની મુલાકાત લઈને તેમાં અબોલ પ્રાણીઓની સારવાર માટે ઉપલબ્ધ અત્યાધુનિક સુવિધાઓ વિશે જાણકારી મેળવી હતી. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પારૂલબેન કારા, કુંવર ઈન્દ્રજીતસિંહ જાડેજા સહિતના મહાનુભાવો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## રોજગાર / એપ્રેન્ટીસ નિમણુંક પ્રમાણપત્રોના વિતરણ કાર્યક્રમ ગાંધીનગર જિલ્લા શ્રમ,કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા યોજાઈ ગયો









કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા રોજગાર કચેરીના સંયુક્ત ઉપક્રમે આજરોજ રોજગાર- એપ્રેન્ટીસ નિમણુંક પ્રમાણપત્ર વિતરણ સમારંભનું આયોજન કરાયું હતું. ગાંધીનગર જિલ્લામાં આજે કુલ- ૩૮૦૦ જેટલા રોજગાર- એપ્રેન્ટીસ નિમણુંક પત્ર આપવામાં આવ્યા છે. ગાંધીનગરના સિવિલ હોસ્પિલના મેડિકલ કોલેજના ઓડિટોરિયમ હોલ ખાતે યોજાયેલ સમારંભમાં મહાનુભાવોના હસ્તે પ્રતિકાત્મ રૂપે ૨૮ ઉમેદવારોને નિમણુંક પત્રો આપવામાં આવ્યા હતા. સમારંભનો દીપ પ્રાગટય કરીને ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષ મકવાણાએ જણાવ્યું હતું કે, આજે ગુજરાતની વિકાસ યાત્રાની વણઝારમાં સહભાગી થવા અને પોતાનું કાર્મિક યોગદાન આપતા આ યુવાનોને જોઈને આજે ખુબ ખુશી થાય છે. કારણ કે સૌના આદર્શ અને માર્ગદર્શક એવા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ન્યુ ઈન્ડીયનું સપનું જોયુ છે. તેને સાકાર કરવાની જવાબદારી આપણા સૌની સહિયારી છે. આ દિશામાં રાજયના મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. રાજયના શ્રમ – રોજગાર વિભાગ દ્વારા છેલ્લા પાંચ મહિનામાં ૯૩૦ ભરતી મેળાઓનુ આયોજન કરીને ૩૩૦૦ નોકરીદાતાઓ દ્વારા ૧ લાખ ૩૦ હજાર ઉમેદવારોને નોકરી આપવામાં આવી છે. ૨૦,૦૦૦ થી પણ વધારે ઉમેદવારોને એપ્રેન્ટીસ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. જિલ્લા રોજગારી અધિકારી શ્રી ડી.કે.ભટ્ટ દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ દ્વારા યુવાનોને રોજગાર/ એપ્રેન્ટીસ નિમણુંક પ્રમાણપત્રોના વિતરણ કાર્યક્રમના ભાગ રૂપે આજે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો છે. ગાંધીનગર જિલ્લામાં ૨૩ ભરતી મેળા યોજીને ૨૫૬૬ ઉમેદવારોની પસંદગી તેમજ ૧૨૨૧ ઉમેદવારોને એપ્રેન્ટીસ તરીકે કામ કરવાની તક આપવામાં આવી છે. ભરતી મેળાના માધ્યમ થી છેલ્લા પાંચ વર્ષમાં ૪૩૦૦૦ થી પણ વધુ યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવી છે. કાર્યક્રમમાં અમદાવાદ ખાતે યોજાયેલ રાજયના મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલેની ઉપસ્થિતિમાં યોજાયેલ રોજગાર- એપ્રેન્ટિસ ભરતી મેળાનું જીવંત પ્રસારણ પણ સર્વે ઉપસ્થિત ઉમેદવારો અને મહાનુભાવોએ નિહાળ્યું હતું. કાર્યક્રમની આભાર વિધી આઈ.ટી.આઈ ના પ્રિન્સિપલ શ્રી ધ્રુતિબેને કરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઇ પટેલ, જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ, નિવાસી અધિક કલેકટર શ્રી આર. ડી .સિંઘ સહિત આમંત્રિત મહાનુભાવો અને નોકરી વાંચ્છુક ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા.

